# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/035 Dt. 09/07/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ભારતના કેન્દ્રિય પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત સાથે ચેમ્બરના પ્રતિનિધિ તરીકે માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ મુલાકાત કરી

### ચેમ્બર દ્વારા ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન આયોજિત ‘ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પોને વધુ સાર્વત્રિક બનાવવાના હેતુથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરાઇ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેક્ટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટે ૧લી જુલાઇ ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેન્દ્રિય પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતની સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

આ બેઠક દરમિયાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આગામી તા. ૨૩થી ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે આયોજિત ‘ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો (GITE Expo)’ને વધુ સાર્વત્રિક બનાવવાના હેતુથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રીશ્રી સાથેની મુલાકાત દરમિયાન ચેમ્બર ઓફ કોમર્સ તરફથી GITE Expoના પ્રમોશન માટે ભારત સરકારના Incredible India લોગોના સત્તાવાર ઉપયોગ માટે પણ વિનંતી કરવામાં આવી હતી, જેની સ્વીકૃતી પર્યટન મંત્રીશ્રીએ આપી હતી.

આ ઉપરાંત, ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદીએ GITE Expoના ઉદ્‌ઘાટન સમારંભ માટે ભારતના કેન્દ્રિય પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. સાથે સાથે ભારતના વિવિધ રાજ્યોના ટૂરિઝમ બોર્ડને GITE Expoમાં સક્રીય ભાગીદારી કરી શકે તે માટે મંત્રીશ્રીને વિનંતી કરવામાં આવી હતી.

‘ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો’ થકી ચેમ્બર ઓફ કોમર્સનો હેતુ ભારતના વિવિધ રાજ્યો અને આંતરરાષ્ટ્રીય સ્ટેકહોલ્ડર્સ વચ્ચે ટૂરિઝમ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે સકારાત્મક વાતાવરણ ઊભું કરવાનો છે. આ એક્ષ્પો સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ – ધંધાઓ તથા ટૂરિઝમ સેકટરને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર રજૂ કરવાની વિશેષ તક ઉભી કરશે.